કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

સર્વાનુમતે મંજુર

---

## સુરત શહેરી વિકાસ સત્તામંડળ

### અધિસૂચન

(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે)

નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત.

પત્ર નં. સુડા/યુ.ડ/ટીપીએસ-૨૨(સરથાણા-વાલક).-ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા-કલમ (૧) અન્વયે રચાયેલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ ઠરાવ નં. ૨૩૯૭ (૨), તા. ૧૦-૦૬-૨૦૦૫થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે, મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત. જેની ચર્તુઃ સિમા 'પરિશિષ્ટ-અ' મુજબની છે. તે તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સુડા ભવન'', કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે આવેલ કચેરીમાં જાહેર રજાઓના દિવસો સિવાયના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

તારીખ, ૧૫ જૂન માહે, સને ૨૦૦૫

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

''સુડા ભવન''
કલેક્ટર કચેરીની બાજુમાં,
નાનપુરા, સુરત.

### પરિશિષ્ટ - અ

**ચર્તુ:સીમા : નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત.**

ઉત્તરે : નદી

દક્ષિણે : સુરત-કામરેજ સ્ટેટ હાઈવે/મુ.ન.ર.યો.નં. ૨૧ (સરથાણા-સીમાડા) : સુડા : સુરત.

પૂર્વે : સરથાણા-વાલક ગામની જમીનો

પશ્ચિમે : સુરત મહાનગરપાલિકાની હદ

ઉપરોક્ત નગર રચના યોજનામાં સમાવિષ્ટ બ્લોક નંબરોની યાદી.

મોજે : સરથાણાના બ્લોક નંબર : ૧ થી ૨૦, ૨૧/પૈકી, ૪૦, ૧૧૯/પૈકી, ૧૪૮ થી ૧૫૫, ૧૫૬/પૈકી, ૧૫૭ થી ૧૫૯, ૧૬૦/પૈકી, ૧૬૧ થી ૧૮૭.

મોજે : વાલકના બ્લોક નંબર : ૧૩૯ થી ૧૪૨, ૧૪૩/પૈકી.

કામ નં. ૧૫ (૨)

મોજ : સરથાણા-વાલક વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સદરહું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૩૯૭ (૨)

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : સરથાણા-વાલક તા. કામરેજ, વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરતની હદ દર્શાવતા, મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદના નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશના નકશા તથા સર્વે થયેલ જમીનની માપણીના નકશા વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોને આપવામાં આવી અને ઉકત વિગતોએ તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ, બોર્ડ બેઠક નં. ૧૯૬, તારીખ ૧૦-૦૬-૨૦૦૫ ઠરાવ નં. ૧૩૯૭ (૨) અન્વયે નગર યોજનામાં કરવાની થતી કપાત અને અત્રેની અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીની માહિતીની ચર્ચા કરવામાં આવી. વધુમાં નગર રચના યોજના વિસ્તારની હાલની સ્થળસ્થિતિ મુજબ ખુલ્લો ખેતરાઉ વિસ્તાર હોઈ, તથા લાગુમાં જ એસ.એમ.સી./સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ બનેલ છે અને જેને સરકારશ્રીની મંજુરી મળેલ છે. તે સઘળી વિગતોની પણ ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા-કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રી સાથે વિચાર-વિનિમય કર્યા પછી અને હદ માટે અનુમોદન મેળવી, ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે સરથાણા-વાલક વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત (હદો સામેલ પરિશિષ્ટ મુજબની રહે છે.) બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઇરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં સરકારશ્રીના પ્રવર્તમાન પરીપત્રની વિગતોએ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક/કબ્જેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

સર્વાનુમતે મંજુર

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.